ક્રમાંક:રાપબો/અ.વિ.પ./CCC/૨૦૨૧/2444-2487

રાજ્ય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલયની સામે
સેકટર – ૨૧, ગાંધીનગર
તા:૧૦/૦૩/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

વિષય: CCC-2.0 અંતર્ગત કામગીરી ફેરથી શિક્ષકોની સેવાઓ લેવા બાબત.

સંદર્ભ: (૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની તા:૧૧/૦૨/૨૦૨૧ની સિંગલ ફાઇલ
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૨૦/૦૨/૨૦૨૧ નો પત્ર
(૩) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે તા:૨૩/૦૨/૨૦૨૧ ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ
(૪) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરની તા:૦૧/૦૩/૨૦૨૧ ની સિંગલ ફાઈલ

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે "કમાન્ડ એન્ડ કંટ્રોલ સેલ" ખાતે શિક્ષકો દ્વારા ટીચર્સ એટેન્ડન્સ, સ્ટુડેન્ટ એટેન્ડન્સ, પીરીયોડીક એસેસમેન્ટ ટેસ્ટ, ઉપચારાત્મક શિક્ષણકાર્ય તેમજ વિવિધ ઓનલાઈન એપ્લિકેશન દ્વારા રાજ્ય કક્ષાએથી મોનીટરીંગ કરવાની કામગીરી કરવામાં આવે છે.

સંદર્ભ (૧) અનુસાર નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની સિંગલ ફાઈલ પર મળેલ આદેશ અનુસાર સંદર્ભ (૨) થી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા અત્રેની કચેરીને CCC-2.0 અંતર્ગત કામગીરી ફેરથી શિક્ષકોની સેવાઓ લેવા બાબતની કામગીરી કરવા જણાવેલ જે અનુસંધાને સંદર્ભ (૩) અનુસાર સદર કામગીરી બાબતે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડની તા: ૦૧/૦૩/૨૦૨૧ ની સિંગલ ફાઈલ પર માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની મંજૂરી મેળવી નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

રાજ્યમાં ચાલતા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેલની નવી આવૃત્તિ સી.સી.સી. ૨.૦ આકાર લેવા જઇ રહી છે અને તેમાં આર્ટીફિસીયલ ઇન્ટેલેજન્સ આયામોથી શરૂ કરી ઘણા બધા ટેકનિકલ પ્રકલ્પો ઉમેરવામાં આવનાર છે.

જે અન્વયે CCC – 2.0 ખાતે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો કામગીરી ફેરથી જોડાવવા માંગતા હોય તેવા શિક્ષકો માટે ઓનલાઈન દરખાસ્ત તા:૧૦/૦૩/૨૦૨૧ થી તા:૨૦/૦૩/૨૦૨૧ સુધી www.sebexam.org પર કરવા આથી જણાવવામાં આવે છે. ઓનલાઈન કરેલી દરખાસ્તની હાર્ડકોપી તા:૨૫/૦૩/૨૦૨૧ સુધીમાં સંબધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવાની રહેશે.

- ઉમેદવારની લાયકાત - જોગવાઈ
  1. જીલ્લા પંચાયત / નગર પાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષક હોવા જોઈએ.
  2. પાંચ વર્ષનો અનુભવ થયો હોય તે અરજી કરી શકશે.
  3. CRCc-BRCc-SI માં હાલ જે ફરજ બજાવે છે તે અરજી કરી શકશે નહિ.
  4. HTAT શિક્ષકો અરજી કરી શકશે.
  5. શિક્ષક હાલ જે શાળામાં ફરજ બજાવે છે તે શાળાની **SMC નુ આ સાથેના નિયત નમુના મુજબ NOC અપલોડ કરવાનું રહેશે.**
  6. **આ નિમણુક કામગીરી ફેર તરીકે ગણાશે. પગાર મૂળશાળામાં આકારવાનો રહેશે. મૂળશાળામાં આ શિક્ષકની જગ્યા ખાલી રાખવાની રહેશે.**
  7. TA-DA વેકેશન મળવાપાત્ર થશે નહિ.
  8. આ નિમણુક ૧ વર્ષ માટે કરવામાં આવશે પરંતુ સંતોષકારક કામગીરી ન હોય તો CCC ની નિમણુક રદ કરાશે.

* પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરવાના રહેશે.
* પરીક્ષા ફી રૂ. ૧૦૦/- ઓનલાઈન ભરવાની રહેશે. (CREDIT CARD/DABIT CARD/ NET BANKING મારફતે) જે નોન રીફંડેબલ હશે.
* પસંદગીની પ્રક્રિયા નીચે મુજબ ત્રણ તબક્કાથી કરશે.
  * તબક્કો – ૧ (૭૦% ભારાંક)
    * ૧૦૦ ગુણની MCQ ટાઈપ લેખિત પરીક્ષા લેવાશે. જેમાં ખોટા જવાબ બદલ (૦.૨૫) ગુણ કપાશે. પ્રશ્નપત્ર ૯૦ મિનીટનુ રહેશે.
    * CCC 2.0 માટેની પસંદગી પરીક્ષા (એલિમિનેશન ટેસ્ટ) ની બ્લ્યુ પ્રિન્ટ.

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગની નવતર પહેલ<br>Initiatives of Education Department | ૨૦ |
| ૨ | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ<br>National Education Policy | ૧૦ |
| 3 | તર્ક અને માહિતી વિશ્લેષણ અને શૈક્ષણિક આંકડાશાસ્ત્ર<br>Logic Comprehension and Educational Statistics | ૧૫ |
| ૪ | ભાષા અર્થ ગ્રહણ (ગુજરાતી અને અંગ્રેજી)<br>Language Comprehension – Gujarati & English | ૧૦ |
| ૫ | પ્રત્યાયન કૌશલ્ય<br>Communication Skills | ૧૦ |
| ૬ | શિક્ષણનું પદ્ધતિશાસ્ત્ર અને શૈક્ષણિક મનોવિજ્ઞાન<br>Educational Pedagogy & Educational Psychology | ૧૦ |
| ૭ | સામાન્ય જ્ઞાન<br>General Knowledge | ૧૦ |
| ૮ | આઈસીટી – કમ્પ્યુટિંગ કૌશલ્ય<br>ICT & Computing Skills | ૧૫ |
| | કુલ | ૧૦૦ |

  * તબક્કો – ૨ (૨૦% ભારાંક)
    * CCC ખાતે જેટલા શિક્ષકોને કામગીરી ફેરથી મૂકવાના થાય છે તેના ત્રણ ગણા ઉમેદવારો પ્રથમ તબક્કાના મેરીટના આધારે પસંદ કરાશે. જેમની કોમ્પ્યુટર સ્કીલ ટેસ્ટ ૫૦ ગુણની લેવાશે. જેનો સમય ૬૦ મિનિટનો રહેશે.
    * CCC 2.0 માટેની પસંદગી પરીક્ષા (કોમ્પ્યુટર સ્કીલ ટેસ્ટ) અભ્યાસક્રમ. (૫૦ ગુણ)

| | |
|---|---|
| Wordમાં ટાઇપીંગ (અંગ્રેજી અને ગુજરાતી) | ડ્રોપડાઉન પ્રેક્ટિસ |
| એક્સેલ વર્ક | રિઝલ્ટ પ્રોસેસિંગ |
| PPT નિર્માણ | ઇન્ટરનેટ માહિતી(સર્વર, નેટ સર્ચ, નેટ પ્રોસેસ, ઇન્ટરનેટ કનેક્ટિવીટી) |
| Google Drive પરથી ડેટા આધારિત વર્ક | માઇક્રોસોફ્ટ ટીમ્સ(ઇ-મઇલ મેનેજ, વિડીયો કોન્ફરન્સ, સ્કીન શેરિંગ, ઓનલાઇન ડાઉનલોડ અને શેરિંગ) |
| ડેટા એનાલિસિસ | મેપ સર્ચિંગ(લોકેશન) |
| ઓનલાઇન ડાઉનલોડ પ્રોસેસ | મેપ અને કોષ્ટક પેરેલલ સમજૂતી |
| મેપ આધારિત સર્ચ અને ડેટા શેરિંગ | પાથ(direction) મેનેજ |
| શીટ આધારિત એવરેજ સરખામણી | અન્ય સંબંધિત કૌશલ્યો |

- તબક્કો – ૩ (૧૦% ભારાંક)
    - તબક્કા – ૨ માં ઉપસ્થિત થવા લાયક શિક્ષકોને CCC ખાતે કામગીરી સંદર્ભે તેમની જાણકારી, જ્ઞાન અને અભિગમ ધ્યાને લેવા રૂબરૂ મુલાકાત યોજવામાં આવશે જેના ૫૦ ગુણ રહેશે.
- ત્રણે તબક્કામાં ઉપસ્થિત થયેલ શિક્ષકોના ગુણના આધારે રાજ્ય કક્ષાનું મેરીટ લિસ્ટ બનશે. આ મેરીટના આધારે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા કામગીરી ફેરના હુકમ કરવામાં આવશે. જો આ શિક્ષક ૭ દિવસમાં CCC ખાતે હાજર નહિ થાય તો પ્રતિક્ષા યાદીના આધારે બીજા હુકમો થશે.

- <u>સુપર ન્યૂમરી શિક્ષકોની અગ્રતા:</u>
    - જે શિક્ષકો હાલ વધ હેઠળ (સુપર ન્યૂમરી) હોય તેમને અગ્રતા મળશે. પરંતુ આ શિક્ષકોએ પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ બીજા તબક્કાની કસોટીમાં ઉપસ્થિત થવા માટે તબક્કા – ૨ માં દર્શાવ્યા મુજબ પાત્રતા મેળવવાની રહેશે અને કોમ્પ્યુટર સ્કીલ Test માં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવેલ હોવા જોઈએ.
    - જે શિક્ષક ૧ થી ૫ ના મહેકમમાં હોય અને હાલ વધ હેઠળ જો તેમને ૬ થી ૮ માં સમાવેલ હોય તેવા શિક્ષકો અથવા જે શિક્ષક ધો – ૬ થી ૮ ના મહેકમમાં હોય અને હાલ વધ હેઠળ જો તેમને ધો – ૧ થી ૫ માં સમાવ્યા હોય તેવા શિક્ષકો સુપર ન્યૂમરી ગણાશે નહિ. એટલે કે **જે શિક્ષકો હાલ વધ હેઠળ છે અને તેમનો કોઈ પણ શાળામાં કોઈ પણ વિભાગમાં સમાવેશ થયેલ નથી તેવા શિક્ષકો કામગીરી ફેર માટે આ પરિપત્ર હેઠળ સુપર ન્યૂમરી ગણાશે** કારણ કે આ શિક્ષકોના હુકમો CCC ખાતે થવાથી શાળાની કામગીરીને અસર થતી નથી પરંતુ આ શિક્ષકોએ તબક્કો – ૧ અને ૨ માં ઉપસ્થિત થવાની પાત્રતા હોવી જોઈશે.
    - હાલ CCC ખાતે જે શિક્ષકો ફરજ બજાવે છે તેમણે પણ જો CCC ખાતે કામગીરી ફેરથી ૧ વર્ષ માટે ચાલુ રહેવું હોય તો આ પરિપત્રની સુચાનાઓ મુજબ Online દરખાસ્ત કરી દર્શાવેલ પસંદગીના ત્રણે તબક્કાઓમાંથી પસાર થઈ મેરીટમાં આવવાનું રહેશે.
- તમામ પરીક્ષા અને ઈન્ટરવ્યુ અમદાવાદ કે ગાંધીનગર ખાતે થશે. જેમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.
- સેવાકિય બાબતો અંગેની કામગીરી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા થશે.

આ અંગેની જાણ તાબા હેઠળ આવતી પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે. જે આપશ્રીને વિદિત થાય છે.

MGV

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

- નકલ સવિનય રવાના જાણ સારૂં,
    - સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
- નકલ સાદર રવાના જાણ સારૂં,
    - નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
    - નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર
    - કન્વીનરશ્રી, સી.સી.સી., ગાંધીનગર
    - શ્રી આસિફ સાવંત, સી.સી.સી., ગાંધીનગર (CCC ખાતે હાલ ફરજ બજાવતા શિક્ષકોને જાણ કરવા સારૂ)

તા:   /03/૨૦૨૧

"ના વાંધા પ્રમાણપત્ર"

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ............................................................................................ હોદ્દો ..................................... પ્રાથમિક શાળા ............................................................ તાલુકો .................................... જિલ્લો .................................. ખાતે પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે .................................. તારીખથી ફરજ બજાવે છે. જો તેમની નિમણૂક CCC(કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર) ગાંધીનગર ખાતે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા:૧૦/03/૨૦૨૧ ના પરિપત્ર અન્વયે કામગીરી ફેરથી નિમણૂક થશે તો શાળા આ શિક્ષકને કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર (CCC), ગાંધીનગર ખાતે હાજર થવા મુક્ત કરશે. આ બાબતે ના વાંધા પ્રમાણપત્ર આ સાથે આપવામાં આવે છે.

આચાર્યશ્રીની સહી: ...................

આચાર્યશ્રીનું નામ: ..................................................

આચાર્યશ્રીનો મો. નં: .........................................

SMC અધ્યક્ષશ્રીની સહી: ......................

SMC અધ્યક્ષશ્રીનું નામ: .............................................

SMC અધ્યક્ષશ્રીનો મો.નં: ........................................